# Children's RESEARCH UNIVERSITY



## Department of Prenatal care
(ગર્ભાવસ્થા પૂર્વની સંભાળ અંગેનું કામ કરતો વિભાગ)

### *તેજસ્વી બાળક : તેજસ્વી ભારત*

### આવો, ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટે ગર્ભ સંસ્કારને અપનાવીએ . . . .

**પ્રતિ,**

- ✧ **ગુજરાતના તમામ જાગૃત નાગરિકો**
- ✧ **ભારતીય જ્ઞાન પરંપરામાં જેની શ્રદ્ધા દ્રઢ થયેલી છે**
- ✧ **જેને બાળકોના જન્મ પૂર્વેથી જરૂરી શરૂ થતી ગર્ભ સંસ્કારની પ્રક્રિયામા રસ છે**
- ✧ **ગુજરાતની સેવાભાવી સંસ્થાઓ જે બાળકોના વિકાસ માટે અગ્રેસર છે**

**નમસ્કાર,**

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનાં વિશિષ્ટ પ્રકલ્પ**

**'તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્ર' વિષે જાણીએ**

અમે 'તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્ર' નો લાભ ગુજરાતના તમામ લોકોને મળી રહે તેવા ઊચ્ચ હેતુ માટે એક યોજના બનાવી છે. જે અંતર્ગત સરકારશ્રીમાં નોંધાયેલી કોઈ પણ (સ્વૈચ્છિક સેવાભાવી - એન.જી.ઓ ) સંસ્થા અમારી સાથે MOu (ચોક્કસ સમયગાળા માટેનો લેખિત કરાર) નાં માધ્યમથી સરળતાથી જોડાઈ શકે છે. તે માટેની કેટલીક શરતો આપની સંસ્થાએ પૂર્ણ કરવાની રહેશે.

## તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવા માટે જરૂરી શરતો

- ઉત્તમ સંચાલન કરી શકે તેવી આર્થિક રીતે સક્ષમ સંસ્થા
- સગર્ભા બહેનોને બેસવા માટે આરામદાયક વ્યવસ્થાવાળો હવા ઉજાસવાળો એક ઓરડો

- રોજ બે કલાકના વર્ગનું સંચાલન કરવા માટે એક કાઉન્સેલર બહેન (વિષય નિષ્ણાતનો સંપર્ક કરીને વર્ગોનું આયોજન કરી શકે તેવા )
- યોજનાના પ્રચાર - પ્રસાર માટે ફિલ્ડ વર્કર બહેન
- રોજ બે કલાકના વર્ગનું આયોજન કરવા માટેની વિષય નિષ્ણાતોની ટીમ તૈયાર કરવી (ગીત -સંગીત, ચિત્રકલા, યોગ, કસરત, ગર્ભ સંવાદ, પઝલ, ભાષા નિષ્ણાત વગેરે)
- આયુર્વેદ ડૉક્ટર, ગાયનેક ડૉક્ટર અને બાળરોગ નિષ્ણાતનાં નિયમિત સેશન આયોજન
- લાભાર્થી સગર્ભા બહેનો પાસેથી સંસ્થા દ્વારા રજીસ્ટ્રેશન ફી અને સહયોગ રાશિ લઈ શકાશે
- આ યોજનાનો મુખ્ય હેતુ સંશોધન હોવાથી કેન્દ્રમાં આવતી સગર્ભા બહેનોની માહિતી ચોક્કસ પત્રકમાં ભરીને યુનિવર્સિટીને મોકલવાની રહેશે.
- કાઉન્સેલર બહેન અને ફિલ્ડ વર્કર બહેનનું પ્રશિક્ષણ યુનિવર્સિટી દ્વારા નિ:શુલ્ક આપવામાં આવશે.
- 'તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્ર'- ચલાવવા માટેનું સાહિત્યનું યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરાશે.
- સંસ્થા દ્વારા દંપતી સંમેલન જેવા કાર્યક્રમો આયોજિત થાય તે ઇચ્છનીય છે.
- સોમવારથી શુક્રવાર અર્થાત્ મહિનાના ૨૦ દિવસ વર્ગોનું આયોજન
- ગર્ભ સંસ્કારના વર્ગનું જીવંત પ્રસારણ BISAG ( સોમવાર- બુધવાર- શુક્રવાર) ની વંદે ગુજરાત ચેનલ -૦૫ પર કરવામાં આવે છે. જેનો લાભ કોઈ પણ વ્યક્તિ ઘરે બેઠા લઈ શકે છે.

## © પ્રાસંગિક વિશેષ કાર્યક્રમોનું આયોજન :

→ નવ દંપતી સંમેલન

→ ભારતીય તહેવારોની ઉજવણી

→ શિશુ પરિવાર મિલન

→ વાર્તાકથન કાર્યક્રમ

→ પ્રબુદ્ધ નાગરિક બેઠક

→ ભજન-કીર્તનનો કાર્યક્રમ

→ આશા વર્કર્સ, આંગણવાડી કાર્યકર્તા બહેનોની બેઠક અને સંપર્ક

→ પ્રકૃતિ દર્શન

→ યોગશિબિર

→ નભોદર્શન

→ કલા ઉત્સવ-રંગમંચ

# તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્રની ભૂમિકા

## જેવું બાળક તેવું રાષ્ટ્ર

## સમર્થ બાળક : સમર્થ રાષ્ટ્ર

ભારતના ઋષિમુનિઓએ ગર્ભવિજ્ઞાન-ગર્ભસંસ્કારનું ઊંડું જ્ઞાન આપ્યું છે. પ્રાચીન જ્ઞાન અને અર્વાચીન વિજ્ઞાનનો સમન્વય કરી સુપ્રજનન શાસ્ત્ર વિકસાવવું અને સમાજને એનો લાભ આપવો એ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનું ધ્યેય છે.

બાળકનું ખરું શિક્ષણ તેના ગર્ભકાળથી જ શરૂ થઈ જાય છે, અને તે જીવનભરનો પાયો રચે છે. સગર્ભા સ્ત્રીના શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક વિકાસની અસરો ગર્ભસ્થ શિશુ પર પડે છે. આ અંગે સંશોધનો દ્વારા અધિકૃત જ્ઞાન મેળવી તેને જનસમાજમાં વ્યાપ્ત કરવું એ આ યુગની આવશ્યકતા છે.

બાળક માતાના ગર્ભમાં ૨૮૦ દિવસ રહે છે. એ એનો ગર્ભખંડ (વર્ગખંડની જેમ) બની રહે છે. આ સમયગાળો એના સમગ્ર જીવનનો પાયો બની રહે છે. માતાનાં વિચાર, લાગણીઓ, પ્રાર્થના અને સંકલ્પોની સીધી અસર ગર્ભસ્થ શિશુ પર પડે છે. આ અંગે સગર્ભા બહેનોને શિક્ષણ આપવું; નવ મહિના દરમિયાન શરીરમાં થતા ફેરફારો અને બાળકના વિકાસક્રમની માહિતી આપવી; ભાષા, ગણિત, વિજ્ઞાન, કલા, સંગીત અને સાહિત્ય જેવા વિષયો સાથે એમને જોડવાં એ અતિ મહત્ત્વનું છે.

***બાળક રાષ્ટ્રનું સ્મિત છે***

**સંપર્ક - ૯૦૯૯૯૫૭૩૦૯**